

કૃષિ ઉત્પાદન અને

# બજાર દર્શન

કૃષિ ઉદય...

અંક : ૨ ખંડ : ૩ માર્ચ ૨૦૧૬

## ખેડૂતોના જીવનને આવરી લેતો એકીકૃત વીમા પેકેજ

વાર્ષિક રૂા. ૫૧૪૫ પ્રીમિયમથી ખેડૂતો તેમના પાક, ટ્રેક્ટર્સ, પંપ સેટ, સ્વ-અકસ્માત માટે લઘુત્તમ વીમા યોજનામાં પ્રધાન મંત્રી વીમા યોજના (વડાપ્રધાન પાક વીમા યોજના) પેકેજ હેઠળ જોડવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પેકેજને સાત ચીજવસ્તુઓ/ઉત્પાદનો સાથે દેશમાં પ્રથમ ૪૫ જિલ્લાઓમાં અમલમાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવશે અને તેનું વિસ્તરણ પ્રતિભાવ પછી નક્કી કરવામાં આવશે.

આ સંયુક્ત પેકેજ હેઠળ, કોઈપણ ખેડૂત કે જે મોટી સબસિડી મેળવવા માંગે છે તેણે સાત ઉત્પાદનોના કુલ પેકેજ પૈકી કોઈપણ ત્રણ ઘટકો માટે ફરજિયાતપણે નવી પાક વીમા યોજના હેઠળ જોડાવવાનું રહેશે. આ તેમને સંપૂર્ણ નાણાંકીય સુરક્ષાની ખાતરી પ્રદાન કરશે. નવી પાક વીમા યોજના હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કુલ પ્રીમિયમના ૯૦ ટકા સુધી સબસિડીની યોજના ઘડી કે તેમાં ખેડૂતે એક વખત પ્રીમિયમ રકમ ચૂકવવાની હોય છે.

સાત સંયુક્ત પેકેજ હેઠળ પાક વીમા યોજના સિવાયના અન્ય ઘટકોમાં આગ સામે વીમો, પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ રૂા. ૨ લાખ વ્યક્તિગત અકસ્માત સહાય, કૃષિ પંપ સેટ વીમો, કૃષિ ટ્રેક્ટર વીમો જે ત્રીજા પક્ષ દ્વારા પૂરા પાડવામાં આવશે, પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના દ્વારા જીવન વીમો અને વિદ્યાર્થી સલામતી વીમો જેવા ઘટકો સામેલ કરવામાં આવેલ છે.

સમગ્ર પેકેજ સરકારના હસ્તક કૃષિ વીમા કંપની અથવા અન્ય કોઇ વીમા કંપની દ્વારા આપવામાં આવશે. સરેરાશ ૧.૫ હેક્ટર જમીન ધારણ અને રૂા. ૨૦૦૦૦ એક હેક્ટરે વીમો માની લઈ રૂા. ૫૧૪૫ જેટલા ઓછા વાર્ષિક વીમા પ્રિમીયમ ગણતરી કરવામાં આવી છે. અકસ્માત કવરેજ અને જીવન કવરેજ પહેલાથી પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના અને જીવન જ્યોતિ બીમા યોજના દ્વારા પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત, અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલની હવામાન આધારિત પાક વીમા યોજના (WBCIS) અગાઉ સરકાર દ્વારા ચાલુ કરવામા આવી હતી તેને બંધ કરવામાં આવી નથી. તેમાં માત્ર એટલો જ તફાવત છે કે WBCIS હેઠળ પ્રીમિયમ વીમા યોજના છે, જેમાં તમામ અને રવી અને ખરીફ પાક માટે અનુક્રમે ૧.૫ અને ૨.૦ ટકા પ્રીમિયમ દર રાખવામાં આવેલ છે.



અદ્યક્ષ :
ડૉ. હરીશ પાઢ

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એમ. એન. સ્વેન
ડૉ. એસ. આર. ભૈયા
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત
E-mail:
director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## સમગ્ર દેશમાં બીટી કપાસના બિયારણ માટે એક સમાન ભાવ............

સમગ્ર દેશમાં બીટી કપાસ બીજના ભાવોમાં કોઈપણ પ્રકારની સમાનતા જોવા મળતી ન હતી. તેથી તાજેતરમાં કેન્દ્ર સરકારે તેમાં હસ્તક્ષેપ કરવાનું નક્કી કર્યુ છે અને કપાસ બીજ ભાવ (નિયંત્રણ) હુકમ-૨૦૧૫ લાગુ પાડી દેશના તમામ રાજ્યોમાં ખેડૂતોના લાભ અર્થે બીટી કપાસ બિયારણમાં એકસરખાં ભાવ નક્કી કરેલ છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રીએ જણાવ્યું હતું કે જાહેર અને ખાનગી બંને ક્ષેત્રોએ ખેડૂતોને બીટી કપાસના ગુણવત્તાયુક્ત બિયારણ મળી રહે તે માટે ભૂમિકા ભજવવાની હોય છે અને ખેતી સમુદાયના હિતના રક્ષણ કરવા માટે, આ વિભાગ દ્વારા કપાસ બીજ ભાવ (નિયંત્રણ) હુકમ-૨૦૧૫, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩ હેઠળ, બીટી કપાસ બિયારણ ભાવ નિયમન માટે હુકમ જારી કરવામાં આવેલ છે.



આ હુકમ અનુસાર, નવ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે કે જે બીજ મૂલ્ય, અન્ય કરવેરા સહિત લાયસન્સ ફી, રિકરિંગ રોયલ્ટી, ટ્રેડ માર્જિન અને અન્ય કરવેરા વગેરેને ધ્યાનમાં રાખીને બીટી કપાસ બીજની મહત્તમ વેચાણ કિંમતની ભલામણ કરશે. સરકારે વર્ષ ૨૦૧૬-૧૭માં સમગ્ર ભારત માટે બીટી કપાસ બીજની પેકેટ દીઠ (બીટી કપાસ ૪૫૦ ગ્રામમાં ૧૨૦ ગ્રામ રેફ્યુજીયા સહિત) વેચાણ કિંમત જાહેર કરી હતી.

| ક્રમ | વિગત | હાઇબ્રીડ બીટી કપાસ વર્ઝન-૧ | હાઇબ્રીડ બીટી કપાસ વર્ઝન-૨ |
|---|---|---|---|
| ૧. | એક પડીકા દીઠ બીજ કિંમત (રૂપિયામાં) | ૬૩૫ | ૭૫૧ |
| ૨. | કરવેરા સહિત વૈવિધ્ય (રૂપિયામાં) | ૦ | ૪૯ |
| ૩. | મહત્તમ વેચાણ કિંમત (રૂપિયામાં) | ૬૩૫ | ૮૦૦ |

## જીરું અને એરંડાના ભાવમાં આગામી થોડા મહિનામાં વધારો થવાની શક્યતા





જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા (JAU) ખેડૂતોને સલાહ આપવામાં આવી છે કે આગામી થોડા મહિનાઓ માટે જીરું અને એરંડાના પાકનો સંગ્રહ કરી રાખો કારણ કે એપ્રિલ અને મે માસમાં નિકાસ વધવાની સારી સંભાવના છે કે જેથી જીરું અને એરંડાની કિંમતોમાં વધારો થશે અને તેનો લાભ મળશે.

બીજા આગોતરા અંદાજ મુજબ, દેશમાં એરંડાનું ઉત્પાદન વર્ષે ૨૦૧૫-૧૬ માં આશરે ૧.૭૨ મિલીયન ટન થવાની શક્યતા છે. ચાલુ નાણાંકીય વર્ષમાં નિકાસ આશરે ૫૦૦૦,૦૦૦ ટન થઇ શકે છે. દિવેલનો સ્થાનિક વપરાશ અને નિકાસ આશરે ૨૦૦,૦૦૦ ટન થવાની અપેક્ષા રાખવામાં આવે છે. જે સૂચવે છે કે ચાલુ વર્ષે તેલની માંગને પૂરી પાડવા માટે ૧.૬૬ મિલીયન ટન એરંડાના બીજનું પિલાણ કરવુ જરૂરી છે જે બતાવે છે કે ચાલુ વર્ષનું એરંડાના તેલનું ઉત્પાદન તેની માંગ બરાબર છે. તેમ છતાં એરંડાના ભાવ ગુજરાતના વિવિધ બજારોમાં ડિસેમ્બર-૨૦૧૫માં રૂા. ૭૪૦ પ્રતિ ૨૦ કિલોની આસપાસ હતો,જે ઊંચા ઉત્પાદન અંદાજ અને નબળા વૈશ્વિક વલણને કારણે રૂા. ૬૧૦ પ્રતિ ૨૦ કિલો ફેબ્રુઆરી-૨૦૧૬માં ઘટાડા સાથે થયો છે. આર્થિક વિશ્લેષણ પર આધારિત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો અભ્યાસ દર્શાવે છે કે માર્ચ થી મે-૨૦૧૬ દરમિયાન એરંડાના ભાવ રૂા. ૬૪૦-૭૨૦ પ્રતિ ૨૦ કિલોની આજુબાજુ રહી શકે છે. એ જ રીતે જીરું માટે, એપ્રિલ પછી ઉચ્ચ નિકાસ તકો અને સ્થાનિક માંગ કોમોડિટી ભાવ વધી શકે છે તેથી ત્યારે વેચાણ કરવુ તેવું માર્ગદર્શન છે. ગુજરાતમાં જીરુંના ભાવ મે-૨૦૧૪માં ૨૦૦૦ રૂપિયા પ્રતિ ૨૦ કિલોની આસપાસ રહ્યો હતો, કે જે મે-૨૦૧૫ માં લગભગ રૂા. ૩૧૦૦ જેટલો વધારો તે ડિસેમ્બર-૨૦૧૫ સુધી રૂા. ૨૯૦૦ આસપાસ સ્થિર બનેલાં અને હાલમાં તે રૂા. ૨૫૦૦ પ્રતિ ૨૦ કિલો જેટલો ચાલે છે. આર્થિક વિશ્લેષણ દર્શાવે છે કે માર્ચ થી એપ્રિલ દરમિયાન જીરુંના ભાવ રૂા. ૨૬૦૦ થી ૨૮૦૦ પ્રતિ ૨૦ કિલો સુધી રહી શકે છે.

## FCI ખેડૂતો પાસેથી કઠોળની પ્રાપ્તિ હવે શરૂ કરશે.....



મસૂર દાળનો પૂરતો જથ્થો જાળવી રાખવા માટે, રાજ્ય સંચાલિત ફૂડ કોર્પોરેશન ઓફ ઇંડિયા આ અઠવાડિયે મસૂર અને ચણા સહિત કુલ ૫૦,૦૦૦ ટન કઠોળ ખરીદી કરવાની શરુઆત કરશે. જેના માટે રૂા. ૨૪૦ કરોડ નાણાંકીય જોગવાઇ કરવામાં આવી છે, તેમાં પરિવહન અને સંગ્રહ ખર્ચનો પણ સમાવેશ કર્યો છે જ્યારે પ્રોસેસિંગ ખર્ચને બાકાત રાખેલ છે. આ ઉપરાંત, સ્થાનિક બજારમાં કઠોળનો પર્યાપ્ત પુરવઠો ઉપલબ્ધ બની રહે તેની ખાતરી સાથે અને સ્થાનિક ભાવ પણ જળવાઇ રહે તે માટે સરકારે કઠોળની આયાત કરવાનો નિર્ણય પણ કર્યો છે. કઠોળના ભાવમાં ઝડપી વધારા પછી સરકારે રવી કઠોળનો એક લાખ ટન જથ્થો મેળવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો, જે પૈકી ૫૦૦૦૦ ટન ફૂડ કોર્પોરેશન ઓફ ઇંડિયા (એફસીઆઈ) અને બાકીના નાફેડ અને SFAC દ્વારા મેળવવાનું નક્કી કરવામાં આવેલ છે.

સરકારી એજન્સીઓએ પહેલેથી ૫૧૦૦૦ ટન ખરીફ કઠોળનો સંગ્રહ કરેલ છે. આ પૈકી FCI દ્વારા ૨૦,૦૦૦ ટન તુવેર મેળવેલ છે. કોર્પોરેશનને મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને અન્ય રાજ્યોમાંથી આ જથ્થો મેળવવાની અપેક્ષા રાખી છે.

પાક વર્ષ ૨૦૧૫-૧૬ (જુલાઈ-જૂન) માં ૨૨-૨૩ મિલિયન ટનની કઠોળની માંગ સામે ઉત્પાદન ૧૭.૩૩ લાખ ટન થવાની ધારણા છે. આ તફાવત આયાત દ્વારા પૂરો કરવામાં આવશે. સંગ્રહખોરો પાસેથી જપ્ત કઠોળનો ૧.૨૩ લાખ ટન પુરવઠો વધતા જતા ભાવને અટકાવવા માટે અત્યાર સુધી ખુલ્લા બજારમાં સરકાર દ્વારા નિકાલ કરવામાં આવી રહ્યો છે.

## બજેટ ૨૦૧૬-૧૭ વિહંગાવલોકન................

- ગ્રામીણ ક્ષેત્ર માટે રૂા. ૮૭,૭૬૫ કરોડની ફાળવણી.
- દરેક બ્લોક/તાલુકાને દુકાળગ્રસ્ત અને ગ્રામીણ હેઠળ દીનદયાલ અંત્યોદયા મિશન હેઠળ લેવામાં આવશે.
- MGNREGS માટે રૂા. ૩૮૫૦૦ કરોડની ફાળવણી.
- નવી યોજના રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન હેઠળ રૂા. ૬૫૫ કરોડની ફાળવણી
- રાષ્ટ્રીય જમીન રેકોર્ડ મોર્ડનાઈઝેશન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.
- કૃષિ અને ખેડૂતોના કલ્યાણ માટે રૂા. ૩૫૯૮૪ કરોડની ફાળવણી.
- પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજનાને મિશન મોડ સ્વરૂપમાં અમલીકરણ કરી શકાય તે માટે ૨૮.૫ લાખ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ લાવવામાં આવશે.
- એઆઈબીપી હેઠળ ૮૯ સિંચાઈ પ્રોજેક્ટનું અમલીકરણ કે જે લાંબા સમયથી બાકી હતું. તેનું અમલીકરણ ઝડપી કરવામાં આવશે.
- આરંભિક રૂા. ૨૦,૦૦૦ કરોડના ભંડોળ સાથે નાબાર્ડમાં એક સમર્પિત લાંબા ગાળાના સિંચાઈ યોજના બનાવવામાં આવશે.
- રૂા. ૬૦૦૦ કરોડના અંદાજિત ભંડોળ ખર્ચ સાથે જમીન જળ સંપત્તિ ટકાઉ વ્યવસ્થાપન માટે ૩ બહુપક્ષીય કાર્યક્રમ અમલમાં આવશે.
- વરસાદઆધારિત વિસ્તારોમાં ૫ લાખ ખેત તલાવડીઓ અને ઓર્ગેનિક ખાતર ઉત્પાદ્ન માટે ૧૦ લાખ ખાતર ખાડકૂવાઓ મનરેગા હેઠળ ખોદ્વામાં આવશે.
- જમીન આરોગ્ય પત્રક યોજના અંર્તગત માર્ચ-૨૦૧૭ સુધી ૧૪ કરોડ ખેડૂતોને આવરી લેવામાં આવશે.
- ૨૦૦૦ મોડેલ રિટેલ આઉટલેટ્સ ખાતર કંપનીઓ આગામી ત્રણ વર્ષ દરમિયાન જમીન અને બીજ પરીક્ષણની સગવડો સાથે પૂરી પાડવામાં આવશે.
- પરંપરાગત કૃષિ વિકાસ યોજના અને ઉત્તર પૂર્વ પ્રદેશમાં ઓર્ગેનિક કિંમત સાંકળ વિકાસ દ્વારા સજીવ ખેતીને પ્રમોશન.
- સંયુક્ત કૃષિ માર્કેટિંગ ઇ-પ્લેટ્ફોર્મ જથ્થાબંધ બજારો માટે એક સામાન્ય ઈ-બજાર પ્લેટફોર્મ પૂરું પાડશે.
- ખેડૂતો પર લોન ચુકવણી ભારણ ઘટાડવા માટે રૂા. ૧૫,૦૦૦ કરોડની જોગવાઈ અદાજ પત્ર વર્ષ ૨૦૧૬-૧૭ માં કરવામાં આવી છે.
- વડાપ્રધાન પાક વીમા યોજના હેઠળ રૂા. ૫૫૦૦ કરોડની ફાળવણી.
- ચાર ડેરી ઉદ્યોગ પ્રોજેક્ટ માટે રૂા. ૮૫૦ કરોડ - સ્વદેશી જાતિઓ માટે પશુધન સંજીવની' નકુલ સ્વાસ્થ્ય પત્ર, ઇ-પશુધન હાટ અને રાષ્ટ્રીય વંશસૂત્રીય સેન્ટર સ્થપાશે.

બુક પોસ્ટ

પ્રતિ શ્રી

મોકલનારઃ
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર
ગુજરાત અને રાજસ્થાન રાજ્યો માટે
(કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર)
એચ. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ,
નંદાલય હવેલીની સામે, પોસ્ટ બોક્સ નંબર ૨૪,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, આણંદ, ગુજરાત
ફોન : +૯૧-૨૬૯૨-૨૩૦૧૦૬, ૨૩૦૭૯૯
ફેક્સ : +૯૧-૨૬૯૨-૨૩૩૧૦૬

Lajja : 02692-233864

*Acknowledged the information used/taken from the public domain*